| | | |
|---|---|---|
| | પ્રેસ નોટ<br>કુવાડવા રોડ પોલીસ સ્ટેશન રાજકોટ શહેર<br>તા.૦૨/૦૧/૨૦૨૪ | |

## કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ના ગુન્હાના કામે છેલ્લા ૬ માસથી નાસ્તા ફરતા આરોપીને પકડી પાડતી કુવાડવા રોડ પોલીસ

મ્હે. પોલીસ કમીશ્નર સાહેબ શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા મ્હે. નાયબ પોલીસ કમીશ્નર શ્રી સજનસસિંહ પરમાર સાહેબ ઝોન-૧ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આર.એસ.બારીયા સાહેબ ઉત્તર વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ના નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જેથી અમો ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર બી.ટી.અકબરીના માર્ગદર્શન મુજબ આજરોજ તા:-૦૨/૦૧/૨૦૨૪ ના રોજ કુવાડવા રોડ પોલીસ સ્ટેશનના પો.સબ.ઇન્સ જે.ડી.વસાવા તથા એ.એસ.આઇ એમ.એમ.કુંભારવાડીયા તથા એ.એસ.આઇ પી.આર.મકવાણા તથા પો. હેડ કોન્સ. વિક્રમભાઇ આયદાનભાઇ ગરચર તથા અરવિંદભાઇ દલાભાઇ મકવાણા તથા કરમશીભાઇ પલાળીયા તથા પોલીસ કોન્સ મુકેશભાઇ માણંદભાઇ સબાડ તથા વિરવેદસિંહ વિક્રમસિંહ જાડેજા તથા સંજયભાઇ ઉગાભાઇ મિયાત્રા તથા જયપાલભાઇ પ્રભાતભાઇ બરાળીયા એમ પો. સ્ટાફના માણસો રાજકોટ શહેર કુવાડવા રોડ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો. હેડ કોન્સ. વિક્રમભાઇ આયદાનભાઇ ગરચર તથા પો.કોન્સ જયપાલભાઇ પ્રભાતભાઇ બરાળીયા તથા પો.કોન્સ મુકેશભાઇ માણંદભાઇ સબાડ નાઓને સયુંક્ત હકિકત ના આધારે કુવાડવા રોડ પોલીસ સ્ટેશન ગુ.ર.ન. ૧૧૨૦૮૦૩૭૨૨૦૪૨૩/૨૦૨૨ એન.ડી.પી.એસ એકટ ની કલમ ૮(સી),૧૫(સી),૨૯ તથા આઇ.પી.સી ૪૭૧ ના કામે છેલ્લા ૬ માસથી નાસ્તા ફરતા આરોપી ને પકડી કુવાડવા રોડ પો. સ્ટે. લાવી મજકૂર ઇસમ વિરૂધ્ધમાં કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

**આરોપીનુ નામ અને સરનામું -** દમારામ હરજીરામ બેનીવાલ જાતે-જાટ ઉ.વ.-૩૮ ધંધો-મજુરી હાલ રહે,ગોંડલ એ.પી.એમ.સી. યાર્ડ ગેઇટ નં ૨ ટ્રાન્સ્પોર્ટનગર પાસે આવેલ ઓરડીમાં તા.ગોંડલ જી.રાજકોટ. મુળ રહે, રામદેવરા ગામ પાયલા ખુર્દ પન્યાલા કલ્લન તા.છીણાન્દ્રી જી.બાલોત્રા થાના-છીણાન્દ્રી પોસ્ટ-પાયલાકલા રાજસ્થાન.મો.નં.-૯૦૦૧૧ ૬૩૦૫૦, ૬૩૭૫૪ ૭૦૨૫૭

**કબ્જે કરેલ મુદામાલ –** વીવો કંપનીનો મોબાઇલ ફોન નંગ ૧ કિ.રૂ. ૧૦,૦૦૦/-

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી –** બી.ટી.અકબરી ઇન્ચાર્જ પોલીસ ઇન્સ તથા જે.ડી.વસાવા પો.સબ.ઇન્સ તથા એ.એસ.આઇ એમ.એમ.કુંભારવાડીયા તથા એ.એસ.આઇ પી.આર.મકવાણા તથા પો. હેડ કોન્સ. વિક્રમભાઇ આયદાનભાઇ ગરચર તથા અરવિંદભાઇ દલાભાઇ મકવાણા તથા કરમશીભાઇ પલાળીયા તથા પોલીસ કોન્સ મુકેશભાઇ માણંદભાઇ સબાડ તથા વિરવેદસિંહ વિક્રમસિંહ જાડેજા તથા સંજયભાઇ ઉગાભાઇ મિયાત્રા તથા જયપાલભાઇ પ્રભાતભાઇ બરાળીયા

( બી.ટી.અકબરી)
ઇન્ચાર્જ પોલીસ. ઇન્સ.
કુવાડવા રોડ સ્ટે.
રાજકોટ શહેર

# રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન

## પ્રનગર પો. સ્ટે. ના મો. સા. ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમીશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધીરકુમાર દેસાઇ સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચીમ વિભાગ શ્રી ભાર્ગવ પંડયા સાહેબ નાઓએ સુચના કરેલ કે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગ કરી શકપડતા વાહનો ચેક કરી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના માર્ગદર્શન આપેલ હોય જે અનુસંધાને અમો પોલીસ ઇન્સપેકટર એમ. જી. વસાવા નાઓના માર્ગદર્શન હેઠળ ડી-સ્ટાફ પો.સબ.ઇન્સ. એન.બી.ડોડીયા સાથે ડી-સ્ટાફના માણસો પો.સ્ટે. વિસ્તારમાં હોય દરમ્યાન પો. કોન્સ. ગોપાલભાઇ પાટીલ તથા સુધીરભાઇ સુત્તરીયા તથા શક્તિસિંહ ગોહીલ નાઓને સંયુકતમાં બાતમી મળેલ કે એક ઇસમ આગળ પાછળ નંબરપ્લેટ વગરનુ ગ્રે કલરનુ એક્ટીવા મો. સા. લઇ ૧૫૦ ફુટ રીંગરોડ સીતલપાર્ક ચોકડી પાસે રોડ પર ઉભેલ છે. જે એક્ટીવા મો.સા. ચોરી કરી કે છેતરપીંડી કરી મેળવેલ છે. જેથી એક્ટીવા મો. સા. ચાલકને રોકી રાખી મો.સા. ના આધાર પુરાવા માંગતા નહી હોવાનું જણાવી ગલ્લા તલ્લા કરતો હોય તથા મજકુર ઇસમ પાસે મો.સા. ના વેલીડ કાગળો માંગતા પોતે રજુ કરતો ન હોય જેથી પોકેટ કોપ તથા ઇ-ગુજકોપ માં મો.સા નંબર સર્ચ કરતા અન્ય વ્યકતીના નામેનુ જણાય આવતા સદરહુ મો.સા. શકપડતી મીલકત તરીકે ગણી સી.આર.પી.સી કલમ-૧૦૨ મુજબ કબ્જે કરી પોકેટકોપ મોબાઇલ દ્વારા સદરહું મો.સા. બાબતે તપાસ કરતા પ્રનગર પો.સ્ટે. ખાતે સદરહું મો.સા. ચોરી અંગે ગુન્હો દાખલ થયેલ જાણવા મળેલ જેથી મકજુર ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(ડી) મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**આરોપીનું નામ સરનામું :-**

વારીશ નાફીસ સીદીકી જાતે મુસ્લીમ ઉ.વ. ૩૩ ધંધો સીક્યુરીટી ગાર્ડ રહે. લાખાબાપાની વાડી સાઠીયા પુલ પાસે જામનગર રોડ રાજકોટ મો.૯૯૭૮૪૨૪૦૮૯



## કબ્જે કરેલ મુદ્દામાલ:-

એક એક્ટીવા મો. સા. કિ.રૂ. ૫૦,૦૦૦/- નો મુદામાલ

## ડીટેક્ટ થયેલ ગુન્હો :-

પ્રનગર પો. સ્ટે . ગુ.ર.ન. ૧૧૨૦૮૦૪૪૨૩૦૩૨૬/૨૩ આઇપીસી કલમ ૩૭૯ મુજબ

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી:-

પો. ઇન્સ. એમ. જી. વસાવા તથા પોલીસ સબ ઇન્સપેકટર એન.બી.ડોડીયા તથા પો.કોન્સ. શક્તિસિંહ ગોહીલ, તથા રણધીરભાઇ સવસેટા તથા કનુભાઇ બસીયા તથા સુધીરભાઇ સુત્તરીયા તથા ક્રિપાલસિંહ ગોહીલ તથા દિનેશભાઇ વહાણીયા

તા.૦૨/૦૧/૨૦૨૩

( એમ. જી. વસાવા )
પોલીસ ઇન્સ્પેક્ટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

**RAJKOT CITY A DIVISION POLICE STATION**

## અમરેલી જિલ્લાના ૦૬ અનડીટેકટ મોટર સાઇકલ ચોરી નો ભેદ ઉકેલી આરોપીને મુદામાલ સાથે પકડી પાડતી એ-ડીવીઝન પોલીસ

❖ *મ્હે.પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર વિધી ચૌધરી સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સુધીરકુમાર દેસાઇ સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નર બી.જે.ચૌધરી સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્રારા મિલ્કત સંબધી ગુન્હા અટકાવવા તેમજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલ વાહનચોરી, મોબાઇલ ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ વિગેરે જેવા અનડીટેકટ ગુન્હોઓને શોધી કાઢવા ડ્રાઇવનું આયોજન કરેલ અને વધુમાં વધુ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે અન્વયે અમો પોલીસ ઇન્સ્પેકટર ડી.એમ.હરિપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા ડી-સ્ટાફના કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કોન્સ જયરાજસિંહ કોટીલા તથા હરપાલસિંહ જાડેજા તથા જગદિશભાઇ વાંક નાઓને સંયુક્ત રીતે ખાનગી બાતમીદારો મારફતે મળેલ હકીકત આધારે રાજકોટ ઢેબર રોડ એસ.ટી બસસ્ટેન્ડ સામે એક ઇસમ પાસે કોઇ આધાર પુરાવા વગર નું સ્પ્લેન્ડર મો.સા સાથે મળી આવેલ જેના આર.ટી.ઓ રજી.નંબર પોકેટ કોપ થી સર્ચ કરતા સદરહું મો.સા અન્ય વ્યક્તિના નામે રજી.થયેલ હોય જેથી મો.સા બાબતે પુછપરછ કરતા મજકુર ઇસમએ સદરહું મો.સા અમરેલી ભુરખીયા હનુમાનજી મંદિર તા.લાઠી જી અમરેલી ખાતેથી ચોરી કરેલ હોવાની કબુલાત આપતા મજકુર ઇસમની યુકતિ-પ્રયુકતિથી પુછપરછ કરતા આ સીવાય અન્ય ચોરીના મો.સાઓ ગોંડલ રોડ લોહાનગરના પુલની આસપાસ રાખેલ હોવાની વિગતો જણાવતા હોય જેથી ખરાઇ કરવા માટે મજકુર ઇસમ જણાવેલ તે જગ્યાએ આવતા અલગ અલગ વધુ પાંચ મો.સાઓ મળી આવતા સદરહુ મો.સા બાબતે મજુકર પાસે કોઇ આધાર પુરાવો ન હોય અને આ મો.સાઓ મજકુર ઇસમે અમરેલી જિલ્લા માંથી અલગ અલગ જગ્યાએથી ચોરી કરેલની કબુલાત આપતા મજકુર ઇસમ પાસેથી મળી આવેલ ઉપરોકત તમામ મો.સાઓ છળકપટથી કે ચોરીથી મળેવેલા હોવાનું જણાય આવતા સદરહું મો.સા નંગ-૬ શકપડતી મિલ્કત તરીકે કિ.રૂ.૧,૫૦,૦૦૦/-ગણી સી.આર.પી.સી કલમ.૧૦૨ મુજબ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

❖ **પકડાયેલ આરોપી:-**

❖ (૧) સંજય મનજીભાઇ હેલૈયા ઉ.વ.૨૩ રહે.લાઠી પ્લોટ અકાળા ગામ તા.લાઠી જી.અમરેલી

❖ **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

❖ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર મો.સા કાળા કલરનું જેના એન્જીન નંબર 98BDE08554 તથા ચેસીસ નં.98B19F08090 કિ.રૂ.૨૦,૦૦૦/-

❖ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર મો.સા કાળા કલરનું જેના એન્જીન નંબર 01B118E12192 તથા ચેસીસ નં.01B20E12264 કિ.રૂ.૨૫,૦૦૦/-

- ❖ હીરો હોન્ડા કંપનીનું કાળા કલરનું સ્પ્લેન્ડર મો.સા રજી નંબર જીજે.૧૪.એ.ડી. ૩૩૫૫ કિ.રૂ.૩૦,૦૦૦/-
- ❖ હોન્ડા કંપનીનું સાઇન મો.સા જેના રજી નં જીજે.૧૪.એ.એમ.૮૪૫૩ કિ.રૂ. ૩૫,૦૦૦/-
- ❖ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મો.સા પોલીસ પટા વાળું જેના રજી નંબર જીજે.૧૪.એન.૫૭૪૯ કિ.રૂ.૨૦,૦૦૦ /-
- ❖ હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર પ્લસ મો.સા પોલીસ પટો કાળા કલર વાળું રજી નંબર જીજે.૦૫.બી.એમ ૪૬૪૯ કિ.રૂ.૨૦,૦૦૦/-
- ❖ કુલ મુદામાલ કિ.રૂ.૧,૫૦,૦૦૦/-
- ❖ **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

**પોલીસ ઇન્સ્પેકટર ડી.એમ.હરિપરા તથા પો.સબ.ઇન્સ. જી.એન.વાઘેલા તથા એ.એસ.આઇ એમ.વી.લુવા તથા બી.વી.ગોહિલ તથા પો.કોન્સ જયરાજસિંહ કોટીલા, જગદિશભાઇ વાંક,કેતનભાઇ બોરીચા,હરપાલસિંહ જાડેજા તથા હરવિજયસિંહ ગોહિલ.**



**(ડી.એમ.હરીપરા)**
**પોલીસ ઇન્સ્પેકટર**
**એ-ડીવીઝન પોલીસ સ્ટેશન**
**રાજકોટ શહેર રાજકોટ**

**તા.૦૩/૦૧/૨૦૨૪**

પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

**રાજકોટ શહેર, ડી.સી.બી.પોલીસ સ્ટેશનના પ્રોહિબીશનના ગુન્હામાં છેલ્લા ૬ માસથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ, તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ડો.પાર્થરાજસિંહ ગોહીલ સાહેબ તથા,મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) ભરત બી. બસીયા સાહેબનાઓની રાજકોટ શહેરમાં પ્રોહીબીશન જુગારની ગેરકાયદેસર પ્રવુતિ સંદતર નસ્તે નાબુદ કરવા અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેક્ટર બી.ટી.ગોહિલ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.એ.એસ.ગરચર તથા તેમની ટીમ ના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા,તે દરમ્યાન હરપાલસિંહ જાડેજા તથા અનિલભાઈ સોનારા તથા મહેશભાઈ ચાવડાનાઓને મળેલ સંયુકત બાતમી આધારે ડી.સી.બી.પો. સ્ટે. ગુ.ર.નં.૦૧૯૩/૨૦૨૩ પ્રોહિ કલમ.૬૫ઈ.૧૧૬બી,૮૧ મુજબના કામે નાસતા ફરતા આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી:-**

હર્ષદિપસિંહ ઉર્ફે મેટીયો સાત્યકીસિંહ ઝાલા જાતે દરબાર ઉવ.૨૧ રહે.રતનપર ગામ હર્ષીલ સોસા. હર્ષીલ એપાર્ટમેન્ટ બ્લોક નં.ડી રૂમ નં. ૧૦૧ તા.જી. રાજકોટ

**આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ:-**

(૧) ગાંધીગ્રામ પો.સ્ટે. પ્રોહી ગુ.ર.નં. ૪૭/૨૦૧૯ IPC કલમ ૩૨૪,૩૨૩ વિ.
(૨) ડી.સી.બી.પો.સ્ટે. ગુ.ર.નં. ૧૪૬/૨૦૨૦ પ્રોહી કલમ ૬૬એએ, ૧૧૬બી,
(૩) મા.નગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૫૨૮/૨૦૨૦ IPC કલમ ૩૨૩,૩૩૭,૪૨૭,૫૦૬(૨) વિ.
(૪) ભકિનનગર પો.સ્ટે. ગુ.ર.નં. ૧૮૦૮/૨૦૨૧ પ્રોહી કલમ ૬૫ઇ,૧૧૬બી,૯૮(૨),
(૫) એ.ડીવી.પો.સ્ટે. ૫૩૩૧/૨૦૨૧ IPC કલમ ૩૨૬,૫૦૬(૨) વિ.
(૬) જામનગર ધ્રોલ પો.સ્ટે. ગુ.ર.નં. ૦૧૨૭/૨૦૨૧ IPC કલમ ૨૭૯,૪૨૭
(૭) રાજકોટ ગ્રામ્ય જેતપુર સીટી પો.સ્ટે. ગુ.ર.નં. ૦૫૪૮/૨૦૨૨ IPC કલમ ૩૨૩,૨૯૪,૧૪૭,૧૪૭ વિ.

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-** રાજકોટ શહેર,ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર બી.ટી.ગોહિલ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એ.એસ.ગરચર, પો.હેડ કોન્સ.અનિલભાઈ સોનારા,જનકસિંહ ગોહિલ,નિલેશભાઈ ડામોર,પોલીસ કોન્સ.મહેશભાઈ ચાવડા, હરપાલસિંહ જાડેજાનાઓ દ્વારા કરવામાં આવેલ છે,

તા. ૦૩/૦૧/૨૦૨૪

(બી.ટી.ગોહિલ)
પોલીસ ઈન્સ્પેકટર
ડી.સી.બી.પો.સ્ટે.રાજકોટ શહેર

RAJKOT CITY

सतर्क समर्थ सशक्त

CRIME BRANCH

પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર ક્રાઈમ બ્રાન્ચ તથા રાજકોટ ગ્રામ્યના ગોંડલ તાલુકા પો.સ્ટે.ના પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને દબોચી લેતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી વિધિ ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી (ક્રાઇમ) બી.બી.બસીયા સાહેબનાઓએ રાજકોટ શહેરમાં પ્રોહીબીશન જુગારની ગેરકાયદેસર પ્રવુતિ સંદતર નસ્તે નાબુદ કરવા અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર બી.ટી.ગોહિલ સાહેબના માર્ગદર્શન હેઠળ પો.સબ.ઇન્સ.એ.એસ.ગરચર તથા તેમની ટીમના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ.અનિલભાઈ સોનારા તથા પોલીસ કોન્સ મહેશભાઈ ચાવડા તથા હરપાલસિંહ જાડેજાનાઓને મળેલ સયુંકત હકિકત આધારે નં. (૧) રાજકોટ શહેર ડી.સી.બી.પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૫૨૩૦૨૭૯/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૯૮(૨) મુજબના કામે તથા (૨) રાજકોટ ગ્રામ્ય ગોંડલ તાલુકાપો.સ્ટે.ગુ.ર.નં.૧૧૨૧૩૦૧૬૨૩૧૦૪૬/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબના ગુનામાં ભાગતો ફરતો આરોપી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહિ કરવામાં આવેલ છે,

**પકડાયેલ આરોપી:-**

ધવલ રસીકભાઈ સવલીયા જાતે.પટેલ ઉવ.૨૯ રહે.કોઠારીયા મે.રોડ.સાઈબાબા સર્કલ વાળો મેઈન જે.કે.એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૧ બીજા માળે રાજકોટ

**અટક કરવાના બાકી ગુન્હાઓ :-**

(૧) રાજકોટ શહેર ડી.સી.બી.પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૨૭૯/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૯૮(૨) મુજબ

(૨) રાજકોટ ગ્રામ્ય ગોંડલ તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં.૧૦૪૬/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

**આરોપીનો ગુનાહિત ઈતિહાસ :-**

(૧) મોરબી જીલ્લો. ટંકારા પો.સ્ટે. ગુ.ર.નં.૦૪૮/૨૦૨૨ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૨) મોરબી જીલ્લો.વાંકાનેર પો.સ્ટે.ગુ.ર.નં.૦૪૮૭/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૩) લોધીકા પો.સ્ટે.ગુ.ર.નં.૦૩૭/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૪) આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૪૦૭/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૫) આજીડેમ પો.સ્ટે. ગુ.ર.નં.૧૦૭૮/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૬) મોરબી તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં.૦૧૦૧/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૭) રાજકોટ શહેર એરપોર્ટ પો.સ્ટે.ગુ.ર.નં.૧૯૦/૨૧ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૮) ડી.સી.બી.પો.સ્ટે.ગુ.ર.નં.૦૭/૨૦૨૨ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૯) ડી.સી.બી.પો.સ્ટે.ગુ.ર.નં.૦૨૫/૨૦૨૨ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૦) ડી.સી.બી.પો.સ્ટે.ગુ.ર.નં.૦૨૨૩/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૧) ગોંડલ સીટી પો.સ્ટે.ગુ.ર.નં.૦૩૭૬/૨૦૨૧ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૨) ગોંડલ સીટી પો.સ્ટે.ગુ.ર.નં.૧૦૭૮/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૩) ગોંડલ તાલુકા પો.સ્ટે.ગુ.ર.નં.૦૭૧૬/૨૦૨૦ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૪) જસદણ પો.સ્ટે.ગુ.ર.નં.૦૭૧૮૨૦૨૨ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૫) પડધરી પો.સ્ટે.ગુ.ર.નં.૦૫૧૬/૨૦૨૩ પ્રોહિ.કલમ.૬૫ઈ,૧૧૬બી,૮૧,૯૮(૨) મુજબ

(૧૬) ત્રણ વખતે પાસા અટકાયત કરવામાં આવેલ છે,

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-** રાજકોટ શહેર,ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઈન્સ્પેકટર બી.ટી.ગોહિલ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર એ.એસ.ગરચર,તથા પો.હેડ કોન્સ.અનિલભાઈ સોનારા, જનકસિંહ ગોહિલ,નિલેશભાઈ ડામોર,પોલીસ કોન્સ.મહેશભાઈ ચાવડા,હરપાલસિંહ જાડેજાનાઓ દ્વારા કરવામાં આવેલ છે,

તા.૦૩/૦૧/૨૦૨૪

(બી.ટી.ગોહિલ)
પોલીસ ઈન્સ્પેકટર
ડી.સી.બી.પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# RAJKOT CITY
# CRIME BRANCH

## પ્રેસ નોટ

**દુધસાગર રોડ, ભગવતી સોસાયટી શે.નં.૩ ખાતેથી રહેણાંક મકાનમા કુલ ૬ ઇસમોને રૂ ૫૨૦૦૦/- જુગારનો ગણનાપાત્ર કેસ શોધી કાઢતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ**

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી. રાજુ ભાર્ગવ સાહેબ તથા , અધિક પોલીસ કમિશ્નર શ્રી. વિધી ચૌધરી સાહેબ તથા , નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી. ડો.પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા, શ્રી.મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી.બી.બી.બસીયા સાહેબ દ્વારા પ્રોહીબીશનની પ્રવૃતી નેસ્ત-નાબુદ કરવાની સુચના કરેલ હોય જે સુચના અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સપેટકર શ્રી સતત પ્રયત્નશીલ હોય દરમ્યાન અમો પોલીસ ઇન્સ. શ્રી.બી.ટી.ગોહિલ ની ટીમ રાજકોટ શહેરમાં નશાકારક બદી ને અટકાવવા માટે પુરતા પ્રયત્નો કરતા તેમજ પ્રોહીબીશનના ગુન્હાઓ શોધી આરોપીને પકડવા માટે સતત પ્રયત્નશીલ હોય.

ગઇકાલ તા.૨૮/૦૮/૨૦૨૩ ના ખાનગી રાહે હકીકતના આધારે ૧૫૦ ફુટ રીંગ રોડ ખોડીયારનગર શે.નં.૮ માં બંધ શેરીમાંથી એક ઓટો રીક્ષામાં ટ્રાન્સપોર્ટના સફેદ કલરના પાર્સલના સામાનની આડમાં દારૂનો જથ્થો લાવેલ અને વિજયભાઇ મીર પોતાના રહેણાંક મકાનમાં દારૂનો ઉતારે છે તેવી ચોકકસ હકીકતના આધારે પો.સબ ઇન્સ. ડી.સી.સાકરીયા તથા ટીમના માણસો જેમાં પો.હેડ કોન્સ. વિક્રમભાઇ પી. લોખીલ, તથા પો.કોન્સ. સહદેવસિંહ ડી.જાડેજાનાઓને મળેલ ખાનગીરાહે હકીકતના આધારે ભગવતી સોસાયટી શે.નં.૩ મધર ટેરેસા આશ્રમની દિવાલ પાસે રાજકોટ ખાતેથી ગંજીપાના પાના તથા પૈસા વડે તીનપત્તીનો જુગાર રમતા ૬ ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

દાખલ કરવામાં આવેલ ગુનાની વિગત -

ડી.સી.બી. પોલીસ સ્ટેશન ગુના નંબર ૧૧૨૦૮૦૫૫૨૪૦૦૦૨/૨૦૨૩ જુગામધારા ૪,૫ મુજબ

આરોપી –

(૧) અસ્લમ અલ્લારખાભાઇ કોલીયા રહે ભગવતી સોસાયટી શે.નં.૩ માં મધર ટેરેસા આશ્રમની દિવાલે મકાન રાજકોટ

(૨) નીઝામભાઇ અનવરભાઇ અગવાન રહે.નવીધાંચીવાડ શે.નં.૧ , રામનાથપરા રોડ રાજકોટ

(૩) ઓસમાણભાઇ ઉમરભાઇ નોડે રહે. ભગવતી સોસાયટી શે.નં.૩ , દુધસાગર રોડ રાજકોટ

(૪) ફીરોઝભાઇ ઇકબાલભાઇ સોલંકી રહે. ભગવતી સોસાયટી શે.નં.૨, દુધસાગર રોડ રાજકોટ

(૫) સરફરાઝભાઇ મજીદભાઇ તરીયાતાય રહે. નવયુગપરા શે.નં.૫ , રામનાથ મહાદેવ મંદીર પાસે આજીનદી ના કાંઠે રાજકોટ

(૬) સતીષભાઇ વિઠ્ઠલભાઇ સોલંકી રહે. કુબલીયાપરા શે.નં.૫ જાગૃતી પાન પાસે , ચુનારાવાડ મે.રોડ રાજકોટ

**કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલ -**

**ગંજીપાના પાના નંગ - ૫૨ કિ.રૂ. ૦૦/૦૦ તથા કુલ રોકડા રૂ.૫૨,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ - ૨ જેની કિ.રૂ. ૫,૪૦૦/- મળી કુલ રૂા.૫૭,૪૦૦/-**

**કામગીરી કરનાર -**

**રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે. ના પો.ઇન્સ. શ્રી.બી.ટી.ગોહિલ ,પો.સબ ઇન્સ. શ્રી. ડી.સી.સાકરીયા , એ.એસ.આઇ. અશોકભાઇ બી. કલાલ, પોલીસ હેડ કોન્સ. વિક્રમભાઇ પી. લોખીલ, હરદેવસિંહ જી.રાઠોડ , ધર્મેન્દ્રસિંહ જાડેજા તથા પો.કોન્સ. સહદેવસિંહ જાડેજા. કુલદિપસિંહ જાડેજા**

**તા.૦૩/૦૧/૨૦૨૪**

**(બી.ટી.ગોહિલ)**
**પોલીસ ઇન્સ.**
**ડી.સી.બી. પો.સ્ટે.**
**રાજકોટ શહેર**

# PRESS NOTE
# KUVADVA ROAD POLICE STATION

## ચોરાઉ સ્પે. સાઇન મો.સા સાથે એક ઇસમને પકડી શાપર વેરાવળ પોલીસ સ્ટેશનનો ચોરીનો ગુન્હો ડીટેકટ કરતી કુવાડવા રોડ પોલીસ.

રાજકોટ મ્હે.પોલીસ કમીશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા મ્હે. નાયબ પોલીસ કમીશ્નર શ્રી સજનસિંહ પરમાર સાહેબ ઝોન- ૧ તથા મદદનીશ પોલીસ કમીશ્નર શ્રી આર.એસ.બારીયા સાહેબ ઉત્તર વિભાગ નાઓના માર્ગદર્શન હેઠળ સુચના આધારે મિલકત સબંધી તથા વાહન ચોરી ગુન્હા તથા અનડિટેક્ટ ગુના શોધી કાઢવા સુચના થઈ આવેલ હોઇ જે અનુસંધાને અમો પોલીસ ઇન્સપેક્ટર બી.ટી અકબરી ના માર્ગદર્શન મુજબ

આજરોજ તા.૦૨/૦૧/૨૦૨૪ ના રોજ કુવાડવા રોડ પો.સ્ટેના પો.સબ.ઇન્સ એસ.આર.વળવી તથા પો.કોન્સ જયદિપભાઇ નટવરભાઇ લાઠીયા તથા રોહિતદાન અજીતદાન ગઢવી તથા હોમગાર્ડ ચિરાગભાઇ ખીમજીભાઇ સોલંકી તથા પંકજભાઇ પરસોતમભાઇ સાકરીયા પોલીસ સ્ટેશન વીસ્તાર મા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન પો.કોન્સ જયદિપભાઇ લાઠીયા તથા રોહિતદાન ગઢવી નાઓની ચોકકસ હકીકત આધારે રાજકોટ અમદાવાદ હાઇવે રોડ ભગીરથ પેટ્રોલ પંપ પાસે એક ઇસમ ચોરાઉ સાઇન મો.સા લઈને ઉભેલ છે તેવી ચોક્કસ હકિકત આધારે મજકૂર ઇસમને સદરહુ મો.સા ના આધાર પુરાવા તથા વેલીડ કાગળો માંગતા નહીં હોવાનુ જણાવેલ તેમજ મો.સા બાબતે મજકૂર ઇસમની પુછપરછ કરતા ગોળ ગોળ ફર્યુ ફર્યુ બોલતો હોઇ અને યોગ્ય સંતોષકારક જવાબ આપતા ન હોઇ જેથી સી.આર.પી.સી. કલમ ૪૧(૧) ડી., ૧૦૨ મુજબ ઉપરોક્ત મો.સા રજી. નં **GJ-10-DC-2215** ના મુદ્દામાલ સાથે મજકુર વિરુધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

ઉપરોકત સ્પે. સાઇન મો.સા રજી.નં **GJ-10-DC-2215** વાળાની ઇ-ગુજકોપમા સર્ચ કરી ખરાઇ કરતા પ્રકાશભાઇ ઉગાભાઇ સોલંકી રહે. ડેરી ગામ તા.કાલાવડ વાળાની માલીકીનુ હોય અને જેને પોતાના ચોરાઉ મો.સા બાબતે શાપર વેરાવળ પો.સ્ટે ગુન્હો રજી. કરાવેલ હોય જેથી મજકૂર ઇસમને શાપર વેરાવળ પો.સ્ટે સોંપવા તજવીજ કરવામા આવેલ છે.

### કબ્જે કરેલ મુદ્દામાલ

(૧) સ્પે. સાઇન મો.સા રજી.નં **GJ-10-DC-2215** ચેસીસ નંબર ME4JC65AJJ7187238 એન્જીન નંબર JC65E72291909 કિ.રૂ.૨૦,૦૦૦/- કૂલ મુદામાલ કિ.રૂ ૨૦,૦૦૦/-

### ત્હોમતદારની વિગત

(૧) શૈલેષ કરશનભાઇ ચૌહાણ જાતે. કારડીયા રાજપૂત ઉ.વ.૨૨ ધંધો.મજૂરી હાલ રહે. વરમાદર ગામ તા.થાન જી.સુરેન્દ્રનગર મૂળ રહે.મુખીના મુવાડા દુધાતલ ગામ તા.કપડવંજ જી.ખેડા.

### ડીટેકટ કરેલ ગુન્હો.

(૧) શાપર વેરાવળ પોલીસ સ્ટેશન ગુ.ર.નં ૧૧૨૧૩૧૯૧૨૪૦ ૦૦૨/૨૦૨૪ આઇ.પી.સી કલમ ૩૭૯ મુજબ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ –

પોલીસ ઇન્સપેકટર બી.ટી અકબરી તથા પ્રો.પોલીસ ઇન્સપેક્ટર સી.વાય.મહાલે તથા પો.સબ.ઇન્સ એસ.આર વળવી તથા પો.કોન્સ જયદિપભાઇ નટવરભાઇ લાઠીયા તથા રોહિતદાન અજીતદાન ગઢવી તથા હોમગાર્ડ ચિરાગભાઇ ખીમજીભાઇ સોલંકી તથા પંકજભાઇ પરસોતમભાઇ સાકરીયા વિ.સ્ટાફના માણસો.

તા. ૦૨/૦૧/૨૦૨૪

(બી. ટી. અકબરી)

પોલીસ ઇન્સપેકટર

કુવાડવા રોડ પો.સ્ટે.

રાજકોટ શહેર.



# પ્રેસનોટ

| | | |
|---|---|---|
| | LOCAL CRIME BRANCH<br>Zone-1 Rajkot City | |

## ઋષી પેટ્રોકેમ પ્રા.લી ,બામણબોર જી.આઇ.ડી.સી ખાતે આવેલ કારખાના માંથી ચોરી થયેલ સો ટકા મુદામાલ સાથે બે ઇસમોને પકડી પાડતી એલ.સી.બી. ઝોન-૧ ટીમ

મ્હે પોલીસ કમીશ્નર શ્રી રાજુ ભાર્ગવ સા. તથા એડી.પોલીસ કમીશ્નર શ્રી વિધિ ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમીશ્નર ઝોન-૧ શ્રી સજનસિંહ પરમાર સાહેબનાઓએ મિલ્કત સબંધી અન-ડીટેક્ટ ગુન્હાઓ ડીટેક્ટ કરી આરોપીઓને પકડી પાડવા સુચના કરેલ હોય જે અન્વયે અમો પો.સબ.ઇન્સ.બી.વી.બોરીસાગર તથા એલ.સી.બી.ઝોન-૧ ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.હેડ.કોન્સ વિજેન્દ્રસિંહ ઝાલા તથા જીતુભા ઝાલાનાઓની સંયુક્ત બાતમી આધારે એરપોર્ટ પો.સ્ટે વિસ્તારના , બેટી રામપરાગામ, એકતા મેટલ નામના ભંગારના ડેલા માંથી નીચે જણાવેલ ઇસમોને ઋષી પેટ્રોકેમ પ્રા.લી ,બામણબોર જી.આઇ.ડી.સી ખાતે આવેલ કારખાના માંથી ચોરી કરેલ ટેપ(સેલોટેપ) મશીન તથા અન્ય મશીનરીના અલગ કરેલ સ્પેર પાર્ટ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## ➡ પકડાયેલ આરોપીઓ

(૧) ગોવિંદ નારૂભા રાબા જાતે. ગઢવી ઉ.વ.૩૨ ધંધો- રીક્ષા ડ્રાઇવીંગ રહે.બામણબોર જી.આઇ.ડી.સી, ગ્રીન પ્લાય કારખાના બાજુમા તા.જિ.રાજકોટ

(૨) અલી ઇકબાલભાઇ ગોગદા જાતે.ઘાંચી મુસ્લીમ ઉ.વ.૨૦ ધંધો- ભંગારનો રહે. ઘાંચીવાડ ચોટીલા તા.ચોટીલા જિ.સુરેન્દ્રનગર

## ➡ ડીટેક્ટ થયેલ ગુન્હો

એરપોર્ટ પો.સ્ટે ગુ.ર.નં- ૧૧૨૦૮૦૫૮૨૪૦૦૦૨/૨૪ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦ મુજબ

## ➡ કબ્જે કરેલ મુદામાલ

| ક્રમ | મુદામાલની વિગત | કિંમત |
|---|---|---|
| ૧ | ઋષી પેટ્રોકેમ પ્રા.લી ,બામણબોર જી.આઇ.ડી.સી ખાતેથી ચોરી કરેલ મુદામાલ | ૪,૦૦,૦૦૦/- |
| ૨ | એક બ્લુ કલરનો વિવો કંપનીનો વિવો-૧૯૦૪ મોડમલનો મોબાઇલ ફોન જેના આઇ.એમ.ઇ.આઇ નંબર જોતા-૮૬૯૮૫૭૦૪૨૨૦૧૪૩૭ | ૩,૦૦૦/- |
| ૩ | સી.એન.જી.ઓટો રીક્ષા રજી. નંબર GJ-03-BX-7691 | ૧,૦૦,૦૦૦/- |
| | **કુલ મુદામાલ** | **૫,૦૩,૦૦૦/-** |




## ➡ આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ

પોલીસ સબ ઈન્સ. બી.વી.બોરીસાગર તથા પો.હેડ.કોન્સ. વિજેન્દ્રસિંહ ઝાલા તથા જીતુભા ઝાલા તથા ધર્મરાજસિંહ જાડેજા તથા પો.કોન્સ રવીરાજભાઇ પટગીર તથા સત્યજીતસિંહ જાડેજા એલ.સી.બી. ઝોન-૧ ટીમ રાજકોટ શહેર

તા-03/૦૧/૨૦૨૪

# માધાપર ચોકડી ખાતે આવેલ રામ લક્ષ્મણ આશ્રમ ખાતે રૂ.૭,૦૦,૦૦૦/-(સાત લાખ) ની ઘરફોડ ચોરીના બનાવમા આરોપીને ગણતરીના કલાકોમા પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમા માધાપર ચોકડી ખાતે આવેલ રામ લક્ષ્મણ આશ્રમ ખાતે રહેતા ફરીયાદી સંતશ્રી તા.૧૯/૧૨/૨૦૨૩ ના રોજ રામેશ્વર દક્ષિણ ભારતની યાત્રા કરવા સારૂ ગયેલ હોય અને આશ્રમમા આવેલ પોતાના રૂમના રહેલ લોંખડના કબાટમા આવેલ તીજોરીમા રૂ.૭,૦૦,૦૦૦/-(સાત લાખ) મુકેલ હોય ગઇકાલ તા.૦૧/૦૧/૨૦૨૩ રાત્રીના સાડા અગ્યારેક વાગ્યાના અરસામા યાત્રા પુર્ણ કરી આશ્રમ ખાતે આવતા પોતાના રૂમમા રહેલ લોંખડના કબાટ ના લોક તુટેલ હાલતમા જોવામા આવેલ અને કબાટની તીજોરી ચેક કરતા તેમા રહેલ રોકડા રૂ.૭,૦૦,૦૦૦/- મળી આવેલ ન હોય અને તેના રૂમમા આવેલ સીમેન્ટની બારી તુટેલ હાલતમા હોય જેથી ચોરી થયેલનુ જણાય આવતા પો.સ્ટે.ખાતે આવી પોતાની ફરીયાદ જાહેર કરતા ગાંધીગ્રામ પો.સ્ટે.ગુ.ર.નં-૧૧૨૦૮૦૩૫૨૪૦૦૦૭/૨૦૨૪ આઇપીસી કલમ-૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુન્હો તા.૦૨/૦૧/૨૦૨૪ ના કલાક-૧૨/૧૦ વાગ્યે રજી.કરવામા આવતા સદરહુ બનાવ અન્વયે પોલીસ કમિશ્નરશ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી વિધિ ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી સુધીરકુમાર દેસાઇ સાહેબ નાઓ દ્વારા સદરહુ ચોરી તથા ચોરીમા ગયેલ મુદામાલ શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગના શ્રી ભાર્ગવ પંડયા સાહેબના માર્ગદર્શન હેઠળ ગુન્હાના આરોપીને શોધી કાઢવા માટે અમો તથા ગાંધીગ્રામ પો.સ્ટે.નો બજરંગવાડી પો.ચોકી પો.સ.ઇ. વી.એચ.પરમાર તથા બજરંગવાડી ચોકી સ્ટાફ ગુન્હાના આરોપીની શોધખોળ ચાલુમા હોય જે અન્વયે રામલક્ષ્મણ આશ્રમ પાસે ફેકટરીઓ આવેલ હોય અને જે ફેકટરી ખાતે કામ કરતા મજુરોને પોકેટ કોપ મારફતે ગુન્હાહીત ઇતિહાસ ચેક કરતા ઘરફોડ ચોરીની એમ.ઓ.ધરાવતો એક મજુર ફેકટરીમા કામ કરતો હોય અને બનાવના આજુબાજુના દીવસોમા મંદીર બાજુ તેની અવર જવર હોય અને સદરહુ બનાવ બાદ જુનાગઢ ખાતે જતો રહેલ હોય જેથી મજુરોની યુક્તિ-પ્રયુકિતીથી પુછપરછ કરતા ખાનગી રાહે પો.કોન્સ.રોહીતભાઇ કછોટ તથા ગોપાલભાઇ બોળીયા તથા ગોપાલભાઇ પાટીલ તથા અર્જુનભાઇ ડવને સંયુકતરાહે બાતમી હકકીત મળેલ કે સદરહુ ગુન્હામા સંડોવાયેલ ચોર ઇસમ મુદામાલ સાથે જુનાગઢ નાશી ગયેલ છે.જેથી તાત્કાલીક જુનાગઢ ખાતે જઇ જુનાગઢ બી.ડીવીઝન પોલીસ સ્ટેશનના સ્ટાફને મદદમા રાખી સદરહુ ગુન્હામા સંડોવાયેલ આરોપીઓને હસ્તગત કરી પકડી પાડી તેઓની પુછપરછ દરમ્યાન સદરહુ ગુન્હાની કબુલાત આપેલ હોય અને તેઓ પાસે ચોરીમા ગયેલ રૂ.૫,૦૦,૦૦૦/-(પાંચ લાખ) કબ્જે કરવામા આવેલ છે.

**<u>આરોપીઓના નામ</u>**

**(૧) શ્યામ જશાભાઇ ઉભડીયા ઉ.વ.૧૯ ધંધો.મંડપ સર્વિસ રહે.જોશીપરા શાક માર્કટ જુનાગઢ**

**(૨) રાજન વશરામભાઇ મેરાવડા ઉ.વ.૨૫ ધંધો.મજુરી રહે. જોશીપરા શાક માર્કટ જુનાગઢ**

**<u>ગુન્હાહીત ઇતિહાસ</u>**

**<u>આરોપી-રાજન વશરામભાઇ મેરાવડા વિરુધ્ધ</u>**

**(૧) જુનાગઢ એ.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં-૦૧૭૨/૨૦૧૯ આઇપીસી કલમ-૩૮૦,૪૫૭**

**(૨) જુનાગઢ બી.ડીવીઝન પો.સ્ટે.ગુ.ર.નં-૧૧૨૦૩૦૨૪૨૨૦૪૮૩/૨૦૨૨ આઇપીસી કલમ-૩૮૦,૪૫૪,૪૫૭**

**(૩)જુનાગઢ એ.ડીવી.પો.સ્ટે.ગુ.ર.નં-૧૧૨૦૩૦૨૩૨૦૦૫૮૭/૨૦૨૦ આઇપીસી કલમ-૨૬૯,૧૮૮**

**<u>કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ</u>**

પો.ઇન્સ.એમ.જી.વસાવા તથા પો.સ.ઇ.વી.એચ.પરમાર તથા પો.હેડ.કોન્સ. ખોડુભા વખતસિંહ, સંજયભાઇ રમેશભાઇ તથા કેલ્વીનભાઇ પો.કો.રોહીતભાઇ ધનસુખભાઇ, મહેશભાઇ ધનસુખભાઇ,ગોપાલભાઇ પાટીલ ગોપાલભાઇ બોળીયા, અર્જુનભાઇ ડવ તથા જુનાગઢ શહેર બી.ડીવી.પો.સ્ટે.ના પો.સ.ઇ.પી.એ.જામંગ તથા પો.હેડ.કોન્સ.વનરાજસિંહ ચુડાસમા તથા પો.કોન્સ.જેઠાભાઇ કોડીયાતર

(એમ.જી.વસાવા)
પોલીસ ઇન્સ્પેકટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



# આજીડેમ પોલીસ સ્ટેશન , રાજકોટ શહેર

## પ્રેસનોટ તા.૦૩/૦૧/૨૦૨૪

### પોલીસ ઉપર પથ્થમારો કરી ગાડીના કાચ ફોડી હુમલો કરવાના ગુન્હામાં છેલ્લા ૧૨ દિવસથી નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશન

મ્હે.પોલીસ કમીશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર સા. શ્રી સજજનસિંહ પરમાર સાહેબ (ઝોન-૧) તથા ઇ.મદદનીશ પોલીસ કમી.સા. પુર્વ વિભાગ શ્રી વી.જી.પટેલ સાહેબના માર્ગદર્શન હેઠળ સઘન પેટ્રોલીંગ કરી હકીકત મેળવી વધુને વધુ નાસતા-ફરતા આરોપીને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ સુચના કરેલ હોય.

જે અન્વયે રાજકોટ શહેર આજીડેમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર એલ.એલ.ચાવડા સાહેબ ની રાહબરીમાં પોલીસ સબ ઈન્સ્પેકટર એ.જે.પરમાર ની ટીમ દ્વારા પો.હેડ.કોન્સ. કૃણાલસિંહ ઝાલા તથા પો.કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા નાઓને મળેલ બાતમી આધારે સુરેન્દ્રનગર જીલ્લો નાની મોલડી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૧૧૦૫૯૨૩૦૪૩૦/ ૨૦૨૩ ઇપીકો કલમ ૧૮૬, ૩૩૩, ૩૨૫, ૩૫૩, ૫૦૪, ૧૧૪ તથા ધી પ્રિવેન્સન ઓફ ધ ડેમેજીજ ટુ પબ્લીક પ્રોપટી એક્ટ ૧૯૮૪ ની કલમ – ૩ મુજબના ગુન્હામાં નાસતા-ફરતા નીચે જણાવેલ આરોપીને પકડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

**છેલ્લા ૧૨ દિવસથી નાસતો-ફરતો પકડાયેલ આરોપીનું નામ સરનામું :-**

વિનુભાઇ પાંચાભાઇ રંગપરા ઉ.વ.૪૨ જાતે કોળી રહે. મોટી મોલડી તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર

**આ કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ :-**

પોલીસ ઈન્સ્પેકટર એલ.એલ.ચાવડા તથા પો.સબ ઇન્સ. એ.જે.પરમાર તથા એ.એસ.આઇ. યશવંતભાઇ ભગત તથા હારૂનભાઇ ચાનીયા તથા રવીભાઇ વાંક તથા પો.હેડ.કોન્સ. કૌશેન્દ્રસિંહ ઝાલા તથા કૃણાલસિંહ ઝાલા તથા રાજેશભાઇ જળુ તથા પો.કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા તથા પ્રદિપસિંહ ગોહિલ તથા ભીખુભાઇ મૈયડ તથા જગદિશસિંહ પરમાર તથા ધર્મેન્દ્રભાઇ કુંચાલા.



(એલ.એલ.ચાવડા)
પોલીસ ઈન્સ્પેકટર
આજીડેમ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# PRESS NOTE

# પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન
# રાજકોટ શહેર

## રેલનગર વિસ્તાર મા થયેલ ટ્રક તેમજ ટ્રેકટર ની બેટરીઓ કુલ કિંમત રૂ.૪૬૦૦૦ ની ચોરીના બનાવમા આરોપીઓ ને ગણતરીના કલાકોમા પકડી પાડતી પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન રાજકોટ શહેર

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા જોઇન્ટ પોલીસ કમિશ્નર વિધિ ચૌધરી સાહેબ નાયબ પોલીસ કમિશ્નર શ્રી સુધીરકુમાર દેસાઈ સાહેબ ઝોન-2 તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચિમ વિભાગ શ્રી ભાર્ગવ પંડયા સાહેબ નાઓએ મિલકત સબંધી ગુન્હા ડિટેક્ટ કરવા સુચના આપેલ હોય જે અન્વયે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એમ આર ગોંડલીયા સાહેબ નાઓના માર્ગદર્શન મુજબ

આજરોજ પ્રદ્યુમનનગર પો.સ્ટેના જંકશન ચોકી પો.સબ.ઈન્સ બી.કે. ગોહીલ તથા એ.એસ.આઈ એ.આર. વરુ તથા પો.હેડ.કોન્સ કલ્પેશસિંહ ગોહીલ તથા પો.કોન્સ. રસિકભાઈ ધાધલ તથા કનુભાઇ ભમ્મર પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન હ્યુમન સોર્સ તેમજ ટેકનીકલ સોર્સથી મેળવેલ માહિતી પરથી એ.એસ.આઈ એ.આર. વરુ તથા પો.કોન્સ. કનુભાઇ ભમ્મર ને ખાનગી રાહે ચોકકસ બાતમી મળેલ કે ગાયકવાડી શેરી નં ૧૦ મા ત્રણ ઈસમો રીક્ષામા બેટરીઓ સાથે છે જેથી તુરંત કોર્ડન કરી ત્રણેય આરીપી ને પકડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

- **આરોપી:-**

(1) હરદેવ જયરાજસિંહ રેવર રહે.બાબરીયા ક્વાર્ટર ભક્તિનગર રાજકોટ
(2) બાબુસિંગ દારાસિંગ રહે. ખીંચી શીતળા ધાર કોઠારીયા રોડ રાજકોટ
(3) અફઝલ મામદભાઈ જુણેજા રહે. ગાયકવાડી પ્લોટ જંકશન રોડ રાજકોટ

- **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

**(૧) અલગ અલગ કંપની ની બેટરી કિં.રૂ. ૪૬,૦૦૦/-**
**(૨) બજાજ ઓટો રીક્ષા GJ 03 BT 5667 કિં.રૂ. ૭૫,૦૦૦/-**
**કુલ રોકડ .રૂ ૧,૨૧,૦૦૦/-**

- **આરોપી નો ગુનાહિત ઈતીહાસ**

હરદેવ જયરાજસિંહ રેવર રહે.બાબરીયા ક્વાર્ટર ભક્તિનગર રાજકોટ
૧) એ.ડી.વી પો.સ્ટે ગુ.ર.ન. ૪૪/૧૭ ઇ.પી.કો કલમ- ૩૮૦,૪૫૪ મુજબ
૨)એ.ડી.વી પો.સ્ટે ગુ.ર.ન. ૧૦૦/૨૦ ઇ.પી.કો કલમ-૨૭૯,૩૩૭,૧૩૪,૧૭૭,૧૮૪ મુજબ
૩)એ.ડી.વી પો.સ્ટે ગુ.ર.ન. ૯૯૭/૨૩ ઇ.પી.કો કલમ-૨૮૩ મુજબ

➢ **<u>કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી</u>**

**પ્રદ્યુમનનગર પો.સ્ટે.ના પો.ઇન્સ. એમ આર ગોંડલીયા સા. તથા જંકશન ચોકી પો.સબ.ઈન્સ બી.કે. ગોહીલ તથા એ.એસ.આઈ એ.આર. વરુ તથા પો.હેડ.કોન્સ કલ્પેશસિંહ ગોહીલ તથા તથા ગૌતમભાઈ રાઠોડ તથા રસિકભાઈ ધાધલ તથા તથા કનુભાઇ ભમ્મર દ્વારા કામગીરી કરવામા આવેલ છે.**

(એમ આર ગોંડલીયા)
પોલીસ ઇન્સ્પેકટર
પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



## રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની પ્રેસ નોટ

**ગાંધીગ્રામ પો.સ્ટે.ના શરીર સબંધી ગુન્હાના કામે છેલ્લા સાત મહીનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ**

રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડી.પોલીસ કમીશ્નર શ્રી વિધિ ચૌધરી સાહેબ તથા ઇ.નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સજ્જનસિંહ પરમાર સા. તથા મદદનીશ પોલીસ કમિશ્નર પશ્ચીમ વિભાગ શ્રી ભાર્ગવ પંડયા સાહેબ નાઓએ સુચના કરેલ કે પો.સ્ટે.માં દાખત થયેલ અનડીટેકટ ચીલઝડપ ચોરી તથા અન્ય મીલ્કત સંબધી ગુન્હા ડીટેકટ કરવા તેમજ ગુન્હો દાખલ થયા બાદ પકડવાના બાકી નાસતા ફરતા આરોપીને પકડી કાયદેશરની કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદશન આપેલ હોય અને ગાંધીગ્રામ પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૮૦૩૫ ૨૩ ૦૩૫૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૫૦૬(૨),૧૧૪ વિ.મુજબ ગુન્હો દાખલ થયેલ હોય જેમા સુરેશ હરીભાઇ ડાભીને પકડવાનો બાકી હોય જેથી અમો પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા નાઓના માર્ગ દર્શન હેઠળ ડી-સ્ટાફ પો.કોન્સ. શક્તિસિંહ ગોહીલ તથા ક્રીપાલસિંહ ગોહીલ નાઓને બાતમી મળેલ કે પકડવાનો બાકી આરોપી સુરેશ હરીભાઇ ડાભી હાલ માધાપર ચોકડી પાસે ઉભેલ હોવાની હકીકત આધારે મજકુર આરોપીને પકડી કાયદેશરની કાર્યવાહી કરેલ છે.

આરોપીના નામ સરનામા:- સુરેશભાઇ હરીભાઇ ડાભી ઉવ.૩૦ ધંધો.શાકભજી રહે.હાલ મહેસાણા ચાલ ચોકડી પાસે મુળ રહે.માલધારી સોસા બાપા સીતારામ ચોક રાજકોટ

આરોપીનો ગુન્હાહીત ઇતીહાસ:-
(૧) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન. ૦૨૨૮/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯,૧૧૪
(૨) રાજકોટ શહેર બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન. ૦૧૮૮/૨૦૧૯ જી.પી.એકટ કલમ-૧૩૫(૧) મુજબ
(૩) જુનાગઢ બી ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન. ૦૬૫૫/૨૦૨૩ આઇ.પી.સી. કલમ-૩૭૯,૧૧૪ મુજબ

કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી:- પોલીસ ઇન્સ્પેકટર એમ.જી.વસાવા તથા પો.હેડ.કોન્સ. કેલ્વીનભાઇ સાગર તથા પો.કોન્સ.શક્તિસિંહ ગોહીલ તથા ક્રીપાલસિંહ ગોહીલ તથા કનુભાઇ બસીયા તથા સુધીરભાઇ સુતરીયા તથા રણધીરભાઇ સવસેટા તથા દિનેશભાઇ વહાણીયા

(એમ.જી.વસાવા)
પોલીસ ઇન્સ્પેક્ટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



પ્રેસનોટ

# RAJKOT CITY CRIME BRANCH

## રાજકોટ શહેર એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બે દિવસ પૂર્વે અજાણી મહીલાનુ ખુન થયેલ હોય જે મહીલાની ઓળખ મેળવી આરોપીઓને ગણતરીના કલાકમાં પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ, તથા અધિક પોલીસ કમીશ્નર શ્રી વિધી ચૌધરી સાહેબ, તથા નાયબ પોલીસ કમીશ્નર, (ક્રાઇમ) શ્રી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) શ્રી બી.બી.બસીયા સાહેબ દ્વારા મિલ્કત સંબંધી તથા શરીર સબંધી ગુન્હાઓ અટકાવવા તેમજ શહેર વિસ્તારમાં થયેલ વાહન ચોરી, ઘરફોડ ચોરી, ચીલઝડપ, લુંટ, ખુન વિગેરે અન-ડીટેકટ ગુન્હાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે ખાસ સુચના આપેલ હોય તેમજ રાજકોટ શહેર એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૮૨૪૦૦૦૩/૨૦૨૪ ઇ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબના કામે તા. ૦૬/૦૧/૨૦૨૪ ના કલાક ૧૪/૦૦ વાગ્યા પહેલા કોઇ પણ સમયે રાજકોટ - અમદાવાદ હાઇવે પર નવા એરપોર્ટની સામેના ભાગે રોડથી અંદરના ભાગે નવો કાચો રસ્તો બનતો હોય ત્યાં કોઇ અજાણ્યા આરોપીએ મરણજનાર એક અજાણી સ્ત્રી ઉ.વ. ૩૦ થી ૩૫ વર્ષનીજેણે શીરે ગુલાબી કલરનુ જેકેટ તથા ગુલાબી સફેદ કલરની સાલ તથા સફેદ કલરની ફુલ ડીઝાઇન ની ચુંદડી તથા સફેદ કલરનુ ટોપ તથા આકાશી કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ જેના ડાબા હાથની કલાઇ પાસે અંગ્રેજીમાં "rupesh" ત્રોફાવેલ તથા દિલ તથા સ્ટાર ત્રોફાવેલ જેને આ કામના આરોપીએ શરીરે તીક્ષ્ણ હથિયાર વડે શરીર પર અલગ અલગ જગ્યાએ નાનામોટા ઘા મારી ગંભીર પ્રકારની જીવલેણ ઇજાઓ કરી મોત નિપજાવી મ્હે. પોલીસ કમિશ્નર સાહેબ શ્રી રાજકોટ શહેરના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ હોય જેથી આ કામે મરણજનારની ઓળખ મેળવી આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સુચના કરેલ હોય જે અન્વયે ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.બી.જાડેજા સાહેબના માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એન.ડી.ડામોર તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.જે.હુણ તથા પોલીસ સ્ટાફ રાજકોટ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એન.ડી.ડામોર તથા પોલીસ કોન્સ્ટેબલ મહાવીરસિંહ ચુડાસમા તથા યુવરાજસિંહ ઝાલા નાઓને મળેલ હકીકત આધારે મરણજનારની ઓળખ મેળવતા મરણજનારનુ નામ ભાવનાબેન વા.ઓ. રૂપેશભાઇ નિમાવત રહે. શાસ્ત્રીનગર શેરી નં. ૮, રામાપીર ચોકડી પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ વાળા હોવાનુ જણાય આવેલ જે મરણજનાર ભાવનાબેન નિમાવતનુ મોત નિપજાવનાર આરોપીઓની તપાસ કરી આરોપીઓને રૈયાધાર મફતીયાપરા રાજકોટ ખાતેથી પકડી આરોપીઓ વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

ગુન્હાની વિગતઃ-

આ કામે ભોગબનનાર ભાવનાબેન નિમાવતને આ કામના આરોપી નરેશ રમેશભાઇ પરમાર સાથે છેલ્લા એકાદ વર્ષથી પ્રેમ સબંધ હોય નરેશ પરમારને લગ્ન કરવા સારૂ અવાર નવાર દબાણ કરી ઝઘડો કરતી હોય તેને જાનથી મારી નાખવાનુ નકકી કરી બનાવના બે દિવસ પહેલા તા. ૦૪/૦૧/૨૦૨૪ ના રોજ આરોપી નરેશ પરમાર તથા તેનો મીત્ર જયેશ રાઠોડ બન્ને ચોટીલા ખાતે મોટર સાયકલ લઇને દર્શન કરવા ગયેલ તે વખતે ત્યાંથી ભાવના નિમાવતને મારી નાખવા માટે ૨ નંગ છરીની ખરીદી કરીને કઇ જગ્યાએ ભાવના નિમાવતને લાવીને મારી નાખવી છે તે જગ્યા નકકી કરવા રસ્તામાં રાજકોટ - અમદાવાદ હાઇવે પર રાજકોટ થી અમદાવાદ તરફ જતા માલધારી હોટલ એન્ડ રેસ્ટોરન્ટ પછી ડાબા હાથે કાચો બનાવેલ રસ્તો આવેલ હતો તે અંતરીયાળ જગ્યામાં મારવાની જગ્યા પસંદ કરી પરત ઘરે આવી ગયેલા. બાદ તા. ૦૫/૦૧/૨૦૨૪ ના રાત્રીના આ નરેશ રમેશભાઇ પરમારના ઘરે રાજકોટ રૈયાધાર મફતીયાપરા ખાતે નરેશ તથા તેના પિતા રમેશ પરમાર તથા તેની માતા ભાનુબેન તથા નરેશના મીત્ર જયેશ રાઠોડ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર એમ બધા ભેગા થઇ અને પ્લાન બનાવેલ બાદ આ કામે આરોપી નરેશ પરમાર આ કામે મરણજનાર ભાવના નિમાવતને ચોટીલા ખાતે ફરવા લઇ જવાનો અને ત્યાં કુલહાર કરીને સાથે રહેવાની વાત કરીને લાલચ આપી સાથે લઇ ગયેલ બાદ પ્લાન મુજબ અલગ અલગ બે મોટર સાયકલમાં બેસીને નરેશ પરમાર તથા તેના પિતા રમેશ પરમાર તથા જયેશ રાઠોડ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર એમ ચારેય સાથે મળીને બનાવના દિવસે અગાઉથી નકકી કર્યા મુજબ નરેશ પરમારના ઘરેથી નીકળેલ અને મરણજનાર ભાવના નિમાવતને બેટી ગામ થી બેસાડી અને રાજકોટ - અમદાવાદ હાઇવે પર નવા એરપોર્ટની સામેના ભાગે માલધારી હોટલથી આગળ ડાબી બાજુ રોડથી અંદરના ભાગે નવો કાચો રસ્તો બનતો હોય ત્યાં લઇ ગયેલ જયાં આ કામે આરોપીઓ તથા કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોરે મળી આ કામે મરણજનારને શરીરે છરીના ઘા મારી મોત નિપજાવેલ છે.

**પકડાયેલ આરોપીનુ નામ:-**

- (૧) નરેશ રમેશભાઇ પરમાર ઉ.વ. ૨૪ રહે. હાલ ગોંડલ જી. રાજકોટ મુળ રહે. રૈયાધાર મફતીયાપરા, રાજકોટ
- (૨) રમેશભાઇ રાજાભાઇ પરમાર ઉ.વ. ૪૭ રહે. રૈયાધાર મફતીયાપરા, રાજકોટ
- (૩) ભાનુબેન વા.ઓ. રમેશભાઇ રાજાભાઇ પરમાર ઉ.વ. ૪૪ રહે. રૈયાધાર મફતીયાપરા રાજકોટ
- (૪) જયેશ વેલજીભાઇ રાઠોડ ઉ.વ. ૧૯ રહે. હાલ ગોંડલ, જી. રાજકોટ મુળ રહે. ગામ ઇણાજ તા. વેરાવળ જી. ગીર સોમનાથ
- (૫) કાયદાના સંઘર્ષમાં આવેલ બાળકિશોર

**આરોપી પકડવા પર બાકી ગુન્હાની વિગત :-**

- રાજકોટ શહેર એરપોર્ટ પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૮૨૪૦૦૦૩/૨૦૨૪ ઇ.પી.કો. કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ

**કામગીરી કરનાર અધિકારી/ કર્મચારી:-**

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.બી.જાડેજા સાહેબ તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એન.ડી.ડામોર તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એમ.જે.હુણ તથા એ.એસ.આઇ. ફીરોઝભાઇ શેખ, ઘનશ્યામભાઇ મેણીયા તથા પોલીસ હેડ કોન્સ્ટેબલ જયદેવસિંહ પરમાર તથા યુવરાજસિંહ ઝાલા તથા કિરીટસિંહ ઝાલા તથા સંજયભાઇ રૂપાપરા તથા શૈલેષગીરી ગોસાઇ તથા ગીરીરાજસિંહ જાડેજા તથા પ્રદિપસિંહ જાડેજા તથા પોલીસ કોન્સ્ટેબલ અશોકભાઇ ડાંગર, હિરેનભાઇ સોલંકી, મહાવીરસિંહ ચુડાસમા, ક્રિપાલસિંહ ગોહિલ, નગીનભાઇ ડાંગર, પ્રદીપસિંહ જાડેજા, કુલદીપસિંહ રાણા તથા મહીલા પોલીસ કોન્સ્ટેબલ ત્રીપદાબેન ભટ, દિપલબેન ચૌહાણ ધ્વારા કામગીરી કરવામાં આવેલ છે.

તા. ૦૮/૦૧/૨૦૨૪

(વાય.બી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

# LOCAL CRIME BRANCH
# ZONE-2
# RAJKOT CITY

## મકરસંક્રાતી પર્વ નિમિતે સદર બજાર શુકુન બોયસ હોસ્ટેલના રૂમમાંથી પ્રતિબંધીત ચાઇનીઝ દોરાની રીલ નંગ-૫૧ સાથે બે ઇસમોને દબોચી લેતી લોકલ ક્રાઇમ બ્રાંચ ઝોન-૨ રાજકોટ શહેર

રાજકોટ શહેરનાં પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમિશનર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધિર કુમાર દેસાઇ સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ શ્રી સજ્જનસિંહ પરમાર સાહેબ ના ઓએ મકરસંક્રાતી નો પર્વ નિમિતે પ્રતિબંધીત ચાઇનીઝ દોરીના કેસો શોધી કાઢવા અંગે અમોને સુચના કરેલ હોય જે સુચના અન્વયે અમો પો.સબ.ઇન્સ. આર એચ ઝાલા તથા પોલીસ સ્ટાફ સાથે પો સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન પો.હેડ.કોન્સ. વિરેન્દ્રસિંહ ઝાલા તથા પો કોન્સ ધર્મરાજસિંહ ઝાલા નાઓને ખાનગી રાહે મળેલ હકીકત આધારે સદર બજાર રાધા કૃષ્ણ રોડ તાલુકા શાળા નંબર - ૮ સામે આવેલ શુકુન બોયસ હોસ્ટેલ ના રૂમમાંથી બે ઇસમોને નીચે મુજબના ચાઇનીઝ દોરીના જથ્થા સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ **પકડાયેલ આરોપીઓના નામ :-**

(૧) આમીર ઇકરામભાઇ મોતીવાલા ઉ.વ.૨૬ રહે- મહારાજા સોસાયટી ઝુલેખા મસ્જીદ વાળી શેરી કાલાવડ નાકા બાણ હાપા રોડ જામનગર

(૨) ઇરફાન હારૂનભાઇ ગોદર ઉ.વ.૪૫ રહે- બરધન ચોક લીલી બજાર ડગીયા શેરી જામનગર




➢ **પકડાયેલ મુદામાલ :-**

MONO GOLD કંપનીની ચાઇનીઝ દોરાની રીલ જેના પર NOT USE FOR KITE FLYING લખેલ છે તે નંગ- ૫૧ કિ.રૂ. ૧૫,૩૦૦/-

➢ **આ કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીઓ :-**

પો.સબ.ઇન્સ આર.એચ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા મૌલિકભાઇ સાવલીયા તથા હરપાલસિંહ જાડેજા તથા રાહુલભાઇ ગોહેલ તથા પો. કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી તથા અમિનભાઈ ભલુર તથા મનિષભાઈ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા તથા ધર્મરાજસિંહ ઝાલા.

તા.૦૯/૦૧/૨૦૨૩

(આર એચ ઝાલા)
પો.સબ.ઇન્સ.
એલ.સી.બી. ઝોન-૨
રાજકોટ શહેર.

**RAJKOT CITY A DIVISION POLICE STATION**

GUJARAT POLICE

## અનડીટેકટ મો.સા ચોરીનો ભેદ ઉકેલી આરોપીને મુદ્દામાલ સાથે પકડી પાડતી એ ડીવીઝન પોલીસ

❖ *રાજકોટ શહેર મ્હે.પોલીસ કમિશ્નર સાહેબ તથા મ્હે.અધીક પોલીસ કમિશ્નર સાહેબ તથા મ્હે.નાયબ પોલીસ કમિશ્નર સાહેબ (ઝોન-૨) તથા મદદનીશ પોલીસ કમિશ્નર સાહેબ (દક્ષીણ વિભાગ)* દ્વારા મિલ્કત સંબધી ગુન્હા અટકાવવા તેમજ પો.સ્ટે વિસ્તાર માં થયેલ વાહનચોરી,ઘરફોડ ચોરી,ચીલઝડપ,લુંટ વિગેરે જેવા અનડીટેકટ ગુન્હોઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે અન્વયે અમો પો.ઇન્સ.શ્રી ડી.એમ.હરીપરા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ પો.હેડ.કોન્સ કીશનભાઈ કે.આહીર કર્મચારીઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.હેડ.કોન્સ કીશનભાઈ કે.આહીર તથા પો.કોન્સ દિનેશભાઈ વરુ તથા ગોપાલભાઈ ચાવડા નાઓને સંયુક્ત બાતમી મળેલ કે તીર્થ એપાર્ટમેન્ટ પ્રહલાદ પ્લોટ પાસેથી મો.સા ચોરીનો બનાવ બનેલ જે અંગે અત્રેના પો.સ્ટે.માં ગુ.ર.નં.૧૧૨૦૮૦૫૦૨૩૧૦૬૧/૨૦૨૩ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે મો.સા ચોરી કરનાર ઇસમ પેલેસ રોડ ઉપર હાજર હોવાની હકીકત આધારે આરોપીને મુદામાલ સાથે પકડી મજકુર ની યુક્તિ પ્રયુક્તિ થી પુછપરછ કરતા મજકુર ઇસમે તા.૨૨/૧૨/૨૦૨૩ ના રોજ તીર્થ એપાર્ટમેન્ટ ખાતે થી એકસેસ મો.સા ચોરી કરેલની કબુલાત આપતો હોય જેથી નીચે મુજબના મો.સા.નો ગુન્હો ડીટેકટ કરી મુદમાલ રીકવર કરેલ છે.

❖ ડીટેકટ કરેલ ગુન્હાઓ:-

(૧) એ-ડીવીઝન પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૧૨૦૮૦૫૦૨૩૧૦૬૧/૨૦૨૩ આઇ.પી.સી કલમ.૩૭૯

❖ પકડાયેલ આરોપી:-

મોમીનુલ સ/ઓ બુદોભાઈ દફાદાર જાતે.મુસ્લીમ ઉ.વ.૨૧ રહે. રામનાથપરા શેરી નં.૧૨ રાજપુત હોલની પાસેના મકાનમા ભાડેથી રાજકોટ મુળ શાંતીપુર ગામ

હોડીપુર વિસ્તાર થાના શાંતીપુર જીલ્લા નાડીયા પશ્ચિમ બંગાળ પીન કોડ-૭૪૧૪૦૪

❖ **કબ્જે કરેલ મુદ્દામાલ:-**

➢ **બ્લેક કલરનું એકસેસ મો.સા જેના રજી.નં-GJ-03-LD-2688 કિ. રૂ-૫૦,૦૦૦/-**

❖ **કામગીરી કરનાર અધીકારીશ્રી તથા કર્મચારીઓ-**

પો.ઇન્સ ડી.એમ.હરીપરા તથા પો.સબ.ઇન્સ. પી.કે.ઝાલા તથા પો.હેડ.કોન્સ કીશનભાઈ કે.આહીર તથા પો.કોન્સ દિનેશભાઈ વરુ તથા ગોપાલભાઈ ચાવડા.

તા.૦૯/૦૧/૨૦૨૪

**PRESS NOTE**

# પેરોલ ફર્લો સ્કવોડ

# રાજકોટ શહેર

## કુવાડવા પોલીસ સ્ટેશનના પ્રોહીબીશનના ગુન્હામાં છેલ્લા ચાર મહીનાથી નાસતા ફરતા આરોપીને પકડી પાડતો પેરોલ ફર્લો સ્કવોડ રાજકોટ શહેર.

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર સાહેબ તથા, અધિક પોલીસ કમિશ્નર સાહેબ તથા, નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) તથા, મદદનીશ પોલીસ કમિશ્નર (ક્રાઇમ) સાહેબ રાજકોટ નાઓ એ રાજકોટ શહેર તેમજ ગુજરાત રાજયના નાસતા ફરતા તથા પેરોલ જમ્પ આરોપીઓને શોધી કાઢી તેમજ શહેર વિસ્તારમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુન્હાઓના આરોપીઓને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય,

જે સુચના અન્વયે અમો પો.સબ.ઈન્સ. બી.જે.કડછા તથા પેરોલ ફર્લો સ્કવોડ ની ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા. તે દરમ્યાન અમારી ટીમની હકિકત આધારે રાજકોટ શહેર ભાવનગર રોડ લેઉવા પટેલ સમાજની વાડી સામેથી રાજકોટ શહેર કુવાડવા પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર-૧૧૨૦૮૦૩૭૨૩૦૫૪૬/૨૦૨૩ પ્રોહી કલમ-૬૫એએ,૧૧૬બી,૮૧ મુજબના ગુન્હાના નીચે જણાવેલ આરોપીને હસ્તગત કરી આરોપીને આગળની તપાસ માટે કુવાડવા પો.સ્ટે. રાજકોટ શહેર નાઓને સોંપવા તજવીજ કરેલ છે.



આરોપીનુ નામ સરનામુ:-

વિપુલ રમેશભાઇ લીંબાસીયા ઉ.વ.૩૫ રહે કુવાડવા રોડ ચીત્રકુટ સોસાયટી શેરી નંબર-૧ મકાન નંબર-૨૬ ડી માર્ટની પાછળ રાજકોટ

આરોપીને અટક કરવાના બાકી ગુન્હા :

રાજકોટ શહેર કુવાડવા પોલીસ સ્ટેશન ગુ.ર.નંબર-૧૧૨૦૮૦૩૭૨૩૦૫૪૬/૨૦૨૩ પ્રોહી કલમ-૬૫એએ,૧૧૬બી,૮૧૮૧

તા.૦૯/૦૧/૨૦૨૪

## રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન પ્રેસનોટ

# લાખના બંગલા પાસે પૈસાની લેતીદેતી અંગે નજીવા બનાવમા માનવ હત્યાના ગંભીર પ્રકારના ગુનાના કામના આરોપીઓને ગણતરીના કલાકોમા પકડી પાડતી ગાંધીગ્રામ પોલીસ

રાજકોટ શહેર ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારમા લાખના બંગલા પાસે ખોડીયાર પાન ખાતે તા.૦૮/૦૧/૨૦૨૪ ના રોજ પૈસાની લેતી દેતી બાબતે ખુનનો ગંભીર પ્રકારનો બનેલ હોય જે બનાવમા ઠાકર સુરજ તેજશભાઇ ઉ.વ.-૨૩ રહે.ગાંધીનગર શે.નં-૭ ગાંધીગ્રામ રાજકોટ શહેર વાળાનુ ગંભીર ઇજા થવાના કારણે મોત થયેલ હોય જેથી સદરહુ બનાવ ખુનનો બનેલ હોય જે અન્વયે પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી વિધિ ચૌધરી તથા ઇ.નાયબ પોલીસ કમિશ્નર શ્રી સજ્જનસિંહ પરમાર સાહેબ નાઓ દ્વારા સદરહુ ગુન્હાના આરોપીઓને શોધી કાઢવા સારૂ સુચના કરેલ હોય જે સુચના અન્વયે મદદનીશ પોલીસ કમિશ્રર પશ્ચિમ વિભાગના શ્રી ભાર્ગવ પંડયા સાહેબના માર્ગદર્શન હેઠળ સદરહુ ગુન્હાના આરોપીઓને શોધી કાઢવા માટે અમો તથા ગાંધીગ્રામ પો.સ્ટે.નો ડી.સ્ટાફ તથા ચોકી સ્ટાફ મળી અલગ- અલગ ટીમો બનાવી સદરહુ ગુન્હાના આરોપીઓની શોધખોળ ચાલુમા હોય જે અન્વયે સદરહુ ગુન્હામા **સંડોવાયેલ આરોપીઓની હકીકત મેળવી સત્વરે પકડી પાડેલ છે.**

## આરોપીઓના નામ

(૧) કમલેશગીરી અરવિંદગીરી ગોસાઇ ઉ.વ.૪૮ રહે.ગાંધીગ્રામ જીવંતીકાનગર શે.નં-૩ " પિતૃઆશીષ " મકાન રાજકોટ શહેર

(૨) જયદેવગીરી કમલેશગીરી ગોસાઇ ઉ.વ.૨૬ રહે.ગાંધીગ્રામ જીવંતીકાનગર શે.નં-૩ " પિતૃઆશીષ " મકાન રાજકોટ શહેર

(૩) જીગર કમલેશગીરી ગોસાઇ ઉ.વ-૨૧ રહે.ગાંધીગ્રામ જીવંતીકાનગર શે.નં-૩ " પિતૃઆશીષ " મકાન રાજકોટ શહેર (સારવાર હેઠળ હોય જેથી અટક કરવા પર બાકી)

## આરોપીઓના ગુન્હાહીત ઇતિહાસ

**આરોપી કમલેશગીરી ગોસાઇ તથા જયદેવગીરી ગોસાઇ તથા જીગર ગોસાઇ વિરુધ્ધ રાજકોટ શહેર પ્રધ્યુમનનગર પો.સ્ટે.ગુ.ર.નં-૧૧૨૦૮૦૪૪૨૨૦૭૭૪/૨૦૨૨ આઇપીસી કલમ-૩૦૭,૩૨૩,૫૦૪ વિ.મુજબનો ગુન્હો દાખલ થયેલ છે.**

## ગુન્હાની વિગત

આ કામના  ફરીયાદીશ્રીના પિતાશ્રી તેજશભાઇએ આરોપી કમલેશભાઇ પાસેથી વ્યાજે પૈસા લીધેલ હોય જે પૈસાની લેતીદેતી સંબંધે આ કામના ફરીયાદીશ્રી તથા તેના માતા તથા આ કામના મરણજનાર સુરજ પૈસા પરત આપવા સારૂ તા.૦૮/૦૧/૨૦૨૪ ના રાત્રીના સમયે ગયેલ હોય તે દરમ્યાન આ કામના આરોપીઓ વ્યાજના પૈસા માંગવા અંગે ઝગડો કરી એકદમ ઉશ્કેરાય જઇ આ કામના ફરીયાદીશ્રીના ભાઇ સુરજને આરોપી જીગરે પડખાના ભાગે છરીના ઘા મારેલ હોય તે દરમ્યાન ફરીયાદીશ્રી તથા તેના માતૃશ્રી સુનિતાબેન છોડાવવા વચ્ચે પડતા આરોપી કમલેશભાઇ તથા આરોપી જયદેવ લાકડાના ધોકા વડે ફરીયાદી શ્રી ના માતૃશ્રી સુનીતાબેનને મોઢાના ભાગે તથા વાંસાના ભાગે તથા માથાના ભાગે ધા મારેલ હોય તે દરમ્યાન આ કામના મરણજનાર વચ્ચે પડતા આ કામના આરોપી કમલેશ તથા જીગરે મરણજનાર સુરજને પકડી રાખી આરોપી જીગરે છરી વડે માથાના ભાગે તથા છાતીના ભાગે ઉપરાઉપરી બે-ત્રણ ધા મારી ગંભીર ઇજા પહોચાડેલ મોત નિપજાવતા બનાવ બનેલ છે.

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

પો.ઇન્સ. એમ.જી.વસાવા પો.સ.ઇ.એન.વી.હરીયાણી ,એ.એસ.આઇ.હીરાભાઇ રબારી,પો.કોન્સ.રણધીરભાઇ સવસેટા, શકિતસિંહ ગોહીલ ,દીનેશભાઇ વહાણીયા, કનુભાઇ બસીયા, ગોપાલભાઇ પાટીલ,સંદીપભાઇ અવાડીયા, સુધીરભાઇ સુતરીયા, ક્રિપાલસિંહ ગોહીલ, ભુમિબેન સોલંકી

(એમ.જી.વસાવા)
પોલીસ ઇન્સ્પેકટર
ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર



# LOCAL CRIME BRANCH ZONE-2 RAJKOT CITY

## રાજકોટ શહેર વિસ્તારમાંથી ચોરી કરેલ કૂલ-૨ મોટર સાઇકલ સાથે એક ઇસમને કૂલ રૂપીયા ૧,૦૦,૦૦૦/- ના મુદામાલ સાથે દબોચી લેતી લોકલ ક્રાઇમ બ્રાંચ ઝોન-૨ રાજકોટ શહેર

રાજકોટ શહેરનાં પોલીસ કમિશ્નર શ્રી રાજુ ભાર્ગવ સાહેબ તથા એડીશનલ પોલીસ કમિશનર શ્રી વીધી ચૌધરી સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી સુધિર કુમાર દેસાઇ સાહેબ તથા ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશનર ઝોન-૨ શ્રી સજ્જનસિંહ પરમાર સાહેબ ના ઓએ ગુન્હાખોરી ઉપર અંકુશ રહે તે હેતુસર રાજકોટ શહેરમાં શરીર સબંધી તથા મિલકત સબંધી ગુન્હાઓ અટકાવવા અસરકારક કામગીરી કરવા સુચના કરેલ હોય જે સુચના અન્વયે એલ.સી.બી. ઝોન-૨ ના અમો પો.સબ.ઇન્સ. આર એચ ઝાલા ના ઓના માર્ગદર્શન હેઠળ પો હેડ કોન્સ રાહુલભાઇ ગોહેલ તથા પો કોન્સ અમિનભાઇ ભલુર તથા મનિષભાઇ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા નાઓને મળેલ બાતમી આધારે ચોરીથી મેળવેલ મોટર સાઇકલ નંગ-૦૨ સાથે એક ઇસમને કૂલ રૂપીયા ૧,૦૦,૦૦૦/- ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

- **પકડાયેલ આરોપીનુ નામ :-**

(૧) મયુરસિંહ મહોબતસિંહ ચાવડા ઉ.વ.૨૨ રહે- હાલ પ્રિયદર્શીની સોસાયટી શેરી નં.૪ ચાલીસ ફુટ રોડ ૧૫૦ ફુટ રીંગ રોડ રાજકોટ મુળ રહે- સંગ ચિરોડા ગામ તા. જામજોધપુર જી.જામનગર



- **કબ્જે કરેલ મુદામાલ :-**

૧) એક ગ્રે કલરનું T V S N -T O R Q 125 મો. સા. જેના એન્જીન નંબર - A K 3B M2606S 78 તથા ચેસીસ નંબર - MD 626A K 31M2B 07407 જેની કિ.રૂ. ૫૦,૦૦૦/-
૨) એક સફેદ કલરનું સુઝુકી એક્સેસ મો.સા. જેના એન્જીન નંબર - A F 212800688 તથા ચેસીસ નંબર - MB 8D P 12D D N 8B 23194 ના હોય જેની કિ.રૂ. ૫૦,૦૦૦/-

**કૂલ મુદામાલ રૂપીયા ૧,૦૦,૦૦૦/-**

- **ડીટેક્ટ કરેલ ગુન્હાઓ :-**

(૧) રાજકોટ ગાંધીગ્રામ-૨ પો. સ્ટે. ગુ.ર.નં. ૧૧૨૦૮૦૦૩૨૩૧૨૫૭/૨૦૨૩ આઇ.પી.સી. કલમ ૩૭૯ મુજબ
(૨) આજથી આશરે દશેક દિવસ પહેલા બીગબજાર પાછળ આવેલ બગીચા પાસેથી એક સફેદ કલરનું સુઝુકી એક્સેસ મો.સા. જેના એન્જીન નંબર - A F 212800688 તથા ચેસીસ નંબર - MB 8D P 12D D N 8B 23194 ના હોય જેની ચોરી કરેલ ની કબુલાત આપેલ છે.

- **આ કામગીરી કરનાર અધિકારીશ્રી તથા કર્મચારીઓ :-**

પો.સબ.ઇન્સ આર.એચ.ઝાલા તથા પો.હેડ.કોન્સ. વીરેન્દ્રસિહ ઝાલા તથા મૌલિકભાઇ સાવલીયા તથા હરપાલસિંહ જાડેજા તથા રાહુલભાઇ ગોહેલ તથા પો. કોન્સ. જેન્તીગીરી ગોસ્વામી તથા અમિનભાઇ ભલુર તથા મનિષભાઇ સોઢીયા તથા જયપાલસિંહ સરવૈયા તથા ધર્મરાજસિંહ ઝાલા.
તા.૧૦/૦૧/૨૦૨૩

(આર એચ ઝાલા)
પો.સબ.ઇન્સ.
એલ.સી.બી. ઝોન-૨
રાજકોટ શહેર.

| | | |
|---|---|---|
| | માલવીયાનગર પોલીસ સ્ટેશન<br>વિશ્વેશ્વર મહાદેવ મંદીર પાસે મવડી મેઈન રોડ રાજકોટ<br>E mail :- polstn-malvia-raj@gujarat.gov.in<br>ફોન નં -૦૨૮૧-૨૩૮૦૦૪૬ | |

## વણશોધાયેલ વાહન ચોરીના ગુન્હાના આરોપીને મો.સા. સાથે પકડી પાડતી માલવીયાનગર પોલીસ

